જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ નવ કેસ

ગાંધીનગર તાલુકામાં ૪, દહેગામમાં ૨ અને કલોલમાં 3 કેસ, વધુ એક દર્દીનું સારવાર દરમિયાન મોત : મૃત્યુઆંક ૩૧ થયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામના એક દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દી અમદાવાદમાં સારવાર માટે દાખલ હતો. દહેગામ તાલુકામાં આ સાથે મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૬ થઈ છે.

જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૩૧ થઈ છે. જેમાં કલોલના ૧૫, ગાંધીનગરના ૯, દહેગામના ૬ અને માણસાના ૧ દર્દીનો સમાવેશ થાય છે. દહેગામમાં જે દર્દીનું આજે મૃત્યુ થયુ છે તે કિડનીની બિમારીથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આજે ૯ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪, દહેગામમાં ૨ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના સુઘડ, ભાટ, અડાલજ અને શાહપુરમાંથી આજે આ કેસ મળી આવ્યા છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા છે.

દહેગામમાં આજે જે બે કેસ છે તેમાં પિપલજનો કેસ ગઈકાલે મળ્યો હતો જ્યારે આજે એક કેસ આજે દહેગામ અર્બનમાંથી મળ્યો છે. આ દર્દી સારવાર માટે અમદાવાદ દાખલ હોવાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકામાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. સોજા ગામેથી એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત વડસરમાંથી એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તંત્રએ આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપ્યા છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩૯૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં હાલ ૧૩,૪૩૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લામાં મૃત્યુ દર વધીને ૮.૨ ટકા થયો છે. જો કે ૬૬ ટકા દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

શહેરમાં કોરોનાનો એક કેસ આદિવાડામાંથી મળ્યો

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક જ કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૮૫ થઈ છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામમાંથી આજે કેસ મળી આવેલ છે. આદિવાડામાં સ્થાનિક કક્ષાએ ફર્નિચરનો વેપાર કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૪૯ કેસ રિકવર થઈ જતાં તેમને હોસ્પિલમાંથી રજા આપવામાં આવી છે. ૬ દર્દીના સારવાર દરમ્યાન મોત નિપજ્યા છે. જ્યારે બાકીના ૩૧ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે પંચાયતના શાખાધિકારીઓ સાથે બેઠક યોજી છે. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેનાર છે.
- સચિવાલય સંકુલના બ્લોક નં. ૯ માં રિનોવેશનની કોઈ જ કામગીરી થઈ નથી. આ બ્લોકના યુરિનલમાં નળ પણ નથી તો છતમાંથી પોપડા ખરી રહ્યા છે. ગંદકી આ બ્લોકમાં અસહ્ય બની છે.
- ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામી અને એમના દિકરા મેઘ ગોસ્વામીનો આજે જન્મ દિવસ એક સાથે છે પણ સાદગીથી તેની ઉજવણી કરી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક સમિતિના સભાખંડમાં મળશે.
- નિવૃત્ત મામલતદાર અને ગાંધીનગરમાં નાયબ મામલતદાર તરીકે સેવાઓ આપનાર દિનેશભાઈ પટેલનું હૃદયરોગના હુમલાથી અવસાન થતાં મહેસુલી તંત્રમાં આજે શોકનું વાતાવરણ છવાયેલુ હતુ.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે, આપણાં કર્મચારીને યોગ માટે અલગ સમય ફાળવવાની જરૂર નથી... કર્મચારી આપણાં પ્રોફીટ ચાર્ટને જોઈ લેશે ને તો... 'પવન મૂક્તાસન' થઈ જ જશે...

કુડાસણ - સરગાસણના ગુડાના ૩૯૨ મકાનોનો ડ્રો યોજાયો

રોટી-કપડાં-મકાનને સંતોષવા રાજય સરકારે ઘનિષ્ઠ પ્રયાસો કર્યા છે : કૌશિકભાઇ પટેલ

ગાંધીનગર, તા. ૨૨

સામાન્ય માનવીની પ્રાથમિક જરૂરિયાત એવા રોટી-કપડાં –મકાનને સંતોષવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકારે ઘનિષ્ઠ પ્રયાસો કર્યા છે. આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ગમે અને રહેવાનું મન થાય તેવા આધુનિક સ્ટાન્ડર્ડ ધરાવતા આવાસોના નિર્માણનું આયોજન કરીને ૨૭૩૬ આવાસો ૩૩૩ કરોડના ખર્ચે નવ નિર્માણ પામ્યા છે. એમ રાજયના મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે આજે ગાંધીનગર શહેરી સત્તા મંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજનાના કુડાસણ અને સરગાસણમાં તૈયાર થનાર ૩૯૨ આવાસો માટે યોજાયેલ કોમ્પ્યુટર ડ્રો કરતાં જણાવ્યું હતું.

મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે,પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૬૯૦૮ ચોરસ મીટરમાં નિર્માણ પામેલ કુડાસણ નગર રચનાના

૩૩૬ અને સરગાસણ નગર રચનાના ૩૯૨ આવાસો મળી કુલ ૭૨૮ આવાસો માટે ૫૮.૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેની જરૂરિયાત મંદ લાભાર્થીઓને ફાળવણી કરવા માટે આ કોમ્પ્યુટરાઈઝ ડ્રો યોજવામાં આવ્યો હતો. જેમાં લાગેલ ડ્રોના લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આર્થિક રીતે નબળા વર્ગો ઈઉજી ના આવાસો માટે ૩૪.૩૬ ચો. મી. કાર્પેટ એરિયાના બાંધકામમાં રાજય સરકારનો ૧.૫ લાખ અને કેન્દ્ર સરકારનો ૧.૫ લાખ ફાળો મળી કુલ ૩ લાખની સહાય પ્રાપ્ત થયેલ છે. આવાસની કિંમત રૂ.૮.૫૦ લાખ પૈકી લાભાર્થીએ ફકત ૫.૫૦ લાખ ચૂકવવાના થાય છે. તથા ૫૦ હજાર મેઈન્ટેન્સ ચાર્જ ચૂકવવાનો રહેશે.

શહેરી સત્તા મંડળના સચિવશ્રીએ માહિતી આપતાં જણાવ્યું કે, પ્રત્યેક આવાસનો કાર્પેટ એરિયા ૩૪.૩૬ ચો.મી.ના બાંધકામમાં લિવિંગ રૂમ, બેડ રૂમ કિચન, વોશ એરિયા, બાથરૂમ અને ડબલ્યુ સી.નો સમાવેશ થાય છે. આવાસની કિંમતમાં જમીનની કિંમત ન લેતાં ફાળવવામાં આવનાર પ્રત્યેક આવાસની કિંમત રૂા.૮.૫૦ લાખ છે. આ આવાસ ૭ મજલાનું આર.સી.સી. ફ્રેમ પ્રકારનું બાંધકામ ધરાવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ઈઉજી ના યોજાયેલ કોમ્પ્યુટરાઈઝ ડ્રો ના કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર શહેરી સત્તા મંડળના ચેરમેન અને મ.ન.પા.ના કમિશનર શ્રીમતી રતનકંવર ગઢવીચારણ, શહેરી ગૃહ નિર્માણના સચિવશ્રી લોચન શહેરા, મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત પ્રકાશ યાદવ, તેમજ શહેરી સત્તા મંડળના સભ્યો, નાયબ કલેકટરશ્રી તેમજ લાભાર્થી ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ શ્રી સંજયભાઈ પટેલે કરી હતી.

શહીદ વીર જવાનોને સે-૩ ન્યુના વસાહતીઓની શ્રધ્ધાંજલિ

તાજેતરમાં લદ્દાખ બોર્ડર પર ચીને હુમલો કર્યો અને આપણા સૈનિકો જે દેશનું રક્ષણ કરવા તૈનાત હતા પણ ચીને કપટથી ૨૦ સૈનિકોને શહિદ કર્યા છે.

સખત ગરમી હોય કે માઈનસ ડીગ્રીમાં ઠંડી હોય પરંતુ આપણા સૈનિકો પરિવારથી અલિપ્ત રહી દેશનું રક્ષણ કરવા ફરજ બજાવતા હોય છે અને દેશ કાજે પોતાના દેહનું બલિદાન આપતા હોય છે ત્યારે અચાનક આવી વિપત્તિ આવી પડે ત્યારે આપણા કલેજા પર વજ્રઘાત થયો હોય તેવું અનુભવાય છે તે સાથે આપણા હૈયાં દ્રવી ઉઠે છે તેવી લાગણી સાથે આ દુઃખદ ઘટનાના સંદર્ભમાં શનિવારે સાંજે ૮.૩૦ કલાકે સેકટર-૩ ન્યુ ખાતે વસાહતીઓ દ્વારા કેન્ડલ માર્ચ સાથે વીર શહિદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શહીદોના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સે-૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ ટુંકમાં શહીદ વીરોના સમર્પણ વિશે વ્યક્તવ્ય આપ્યું હતું.

સચિવાલય પાસેથી એલઆરડી ઉમેદવારોની અટકાયત

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર ગાંધીનગરને એલઆરડી ભરતીએ જે તે સમયે બાનમાં લીધુ હતું. મહિલા આંદોલનને પગલે રાજય સરકાર

ઝુકી હતી અને મહિલાઓની બેઠકમાં વધારો કર્યો હતો. જેને અનુલક્ષી પુરૂષ ઉમેદવારો પણ મેદાનમાં ઉતર્યા હતા, પરંતુ કોરોનાને પગલે શાંત થઈ ગયુ હતુ. ત્યારબાદ હવે ત્રણ માસના અંતે પુરુષ ઉમેદવારોના આંદોલને હવે દિશા પકડી છે. સમગ્ર રાજયભરમાંથી ૫૦ થી વધુ એલઆરડી ઉમેદવારો વિધાનસભા ઘેરાવ માટે આવી ગયા હતા. તેઓ સચિવાલય ખાતે પહોંચીને મુખ્યમંત્રી વિજય રૂપાણીને રૂબરૂ મુલાકાત કરવા માંગતા હતા. જો કે મંજુરી વિના પહોંચેલા ૫૦ થી વધુ એલઆરડી ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી.

એલઆરડી ઉમેદવારો મોટીસંખ્યામાં આવ્યા હોવાના મેસેજને પગલે જિલલા પોલીસ વડા સહિતનો કાફલો સચિવાલય ખાતે પહોંચી ગયો હતો. પોલીસે ગેટ નં.૧ અને ૪ પાસેથી પોલીસે એલઆરડી ઉમેદવારોની અટકાયત કરી હતી. તે ઉપરાંત આજુ બાજુના વિસ્તારમાંથી પણ પોલીસે ઉમેદવારોની શોધીને તેમની અટકાયત કરી હતી.

ગાંધીનગર તાલુકાના સરપંચ અને તલાટીઓ સાથે જિલ્લા વિકાસ અધિકારીએ બેઠક યોજી

ગાંધીનગર, તા. ૨૨

મહેસુલી વર્ષ પૂર્ણ થવાને આરે હોઈ મહેસુલી વસુલાતની કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવા ગાંધીનગર તાલુકાના તમામ ગામના સરપંચશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓને જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આજે ગાંધીનગર તાલુકાના તમામ ગામના સરપંચશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓની સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી એક બેઠક યોજીને વાતચીત કરી હતી. તેમણે આ બેઠકમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે સરકારશ્રી દ્વારા અપાયેલ ગાઈડલાઈનનું સુચારું રીતે અમલવારી થાય તે માટે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ગ્રામજનો ખરીદી કરવા, દૂધ ભરાવવા કે અન્ય કામ અર્થે ગામની બહાર નીકળે ત્યારે માસ્ક ફરિજીયાત પહેરે અને સોશિયલ ડિસ્ટન્સીંગનું ખાસ પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા માટે પણ સૂચના આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને વધુમાં આ બેઠકમાં ચોમાસામાં અતિ ભારે વરસાદ આવે ત્યારે ગામમાં કેવી વ્યવસ્થા કરવામાં આવી છે, તેની પ્રાથમિક માહિતી મેળવી હતી. તેમણે ચોમાસાની ઋતુ દરમ્યાન કયાં પાણી ન ભરાઈ રહે અને ગામમાં સ્વચ્છતા રહે અને રોગચાળો ન ફેલાય તે માટે ખાસ તકેદારી રાખવા માટે પણ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે ગાંધીનગર તાલુકાના ઉવારસદ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી. જ્યાં તંત્ર દ્વારા સંચારી રોગ અને વાહકજન્ય રોગચાળાની સ્થિતિને પહોંચી વળવા માટેની તૈયારીઓની સમીક્ષા કરી કોવિડ-૧૯ અંતર્ગતની કામગીરી વિશેની વિગતો મેળવી હતી. આ પછી તેમણે પોર, સરગાસણ, કુડાસણ સહિતના પાંચ ગામની મુલાકાત લીધી હતી.

આગામી અઠવાડીયે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ

જાણિતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા. ૨૨

આ વર્ષે વરસાદનો પ્રારંભ સારો થયો છે. ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે ત્યારે આગામી અઠવાડિયે સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હાલમાં કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી છે ત્યારે ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં સારા વરસાદના વાવડ નથી. આથી વરસાદ અંગે જોતા ઉત્તર મધ્ય ગુજરાત સહિત દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી છે. કેટલાક ભાગોમાં ભારે વરસાદ થઈ શકે. તા. ૨૩, ૨૪, ૨૫ માં અરવલ્લીના ભાગો, પંચમહાલના ભાગો, ઉત્તર ગુજરાતના મહેસાણા વગેરે ભાગો તેમજ અમદાવાદ-ગાંધીનગર સહિત વરસાદ થવાની સંભાવના રહે. તા. ૨૭ જૂનથી વરસાદ રાજ્યના ઘણા ભાગોમાં પડે. ૨૯ જૂનથી ૭ મી જુલાઈમાં ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદની શક્યતા રહે. દક્ષિણ ગુજરાતના આહવા, ડાંગ, વલસાડ, નવસારી, સુરતમાં ભારે વરસાદ પડે. જુલાઈ માસમાં ઉત્તર-મધ્ય ગુજરાતમાં વરસાદ પડે. અસલ વરસાદ તો અષાઢી બીજનો ઉગતો ચંદ્રમાં વાદળામાં ગરકાવ થતો ઉગે તો સારૂ. આ દિવસે વાદળ, વીજ, ગર્જના સાથે વરસાદ થાય તો સારૂ. અષાઢ સુદ પાંચમે પણ સમી સાંજની વીજળી થાય તો સારૂ. બીજથી પાંચમમાં વરસાદ થાય તો ભારે વરસાદ પડે. જુલાઈ તા. ૨-૩ માં મુંબઈ મહારાષ્ટ્રમાં પણ વરસાદની શક્યતા રહે. તા. ૫, ૬, ૭ માં સૌરાષ્ટ્ર, ગુજરાતમાં વરસાદ પડે. વરસાદ એ કુદરતની દેન છે ત્યારે આ માત્ર આગાહી છે.

રાજ્યમાં ૧૦ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાના કાર્યરત કરાવતા મુખ્યમંત્રી

દરેક જીવને અભયદાનનો આપણો મંત્ર અબોલ-મૂંગા પશુજીવોની શ્રેષ્ઠ સારવારથી સાકાર કરવો છે : મુખ્યમંત્રી

રાજ્યની સાડા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ ઘેર બેઠાં પૂરા પાડવાનો અભિનવ પ્રયોગ

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની સાડા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડી દરેક જીવને અભયદાનનો મંત્ર સાકાર કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગો સાથે પશુપાલન-ખેતીને પણ એટલી જ અહેમિયત આપીને આપણે શ્વેતક્રાંતિ-હરિતક્રાંતિમાં પણ સ્વસ્થ-સમૃદ્ધ પશુધનથી અગ્રેસર થવું છે.

મુખ્યમંત્રી રાજયના પશુપાલન વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારના પશુપાલકોને ઘરે બેઠા પશુ સારવારના અભિનવ પ્રયોગ એવા ૧૦૮ મોબાઈલ પશુ દવાખાનાનો લોકાર્પણ ગાંધીનગરમાં કરતાં સંબોધી રહ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ ૧૦ ગામ દિઠ એક મોબાઈલ પ્રમાણે પ્રારંભિક તબક્કે ૧૦૮ મોબાઈલ પશુ દવાખાનાને પ્રસ્થાન કરાવતાં કહ્યું કે ૧૦૮ ના આંકને શુભ માનવામાં આવે છે કેમ કે આપણી

માળામાં પણ ૧૦૮ મણકાંઓ હોય છે અને ૧૦૮ જાપ કરવાથી સારૂ પરિણામ પણ પ્રાપ્ત થતું હોય છે એવી જ રીતે આજે ૧૦૮ હરતા-ફરતા દવાખાનાઓ પશુઓ માટે ખૂલ્લા મૂકવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે આ ૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજના ફ્રૂદ્ધ ઈર્ફૈં દ્વારા પી.પી.પી. મોડમાં કાર્યરત કરી છે.

સમગ્રતયા રાજયમાં આવા ૪૬૦ જેટલા મોબાઈલ પશુ દવાખાના કાર્યરત કરીને ૪૬૦૦ થી વધુ ગામોના પશુપાલકોને તેમના પશુઓની ઘેરબેઠા આરોગ્ય સંભાળ સુવિધા આવનારા દિવસોમાં મળતી થવાની છે.

મુખ્યમંત્રીએ રાજયમાં માનવ આરોગ્યની ત્વરિત તાત્કાલિક અને સુગમ સારવાર માટે જેમ ૧૦૮ની સેવાઓ હાલ કાર્યરત છે, તેવી જ રીતે પશુપાલકો માટે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર ડાયલ કરવાથી વિના મૂલ્યે ગામમાં બેઠા પશુસારવાર પશુપાલકોને મળી રહે તે માટે આ ૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના પણ પશુ સારવાર સેવા માટે અતિમહત્વનું કદમ બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

જિલ્લા ક્ષય અધિકારીએ પાંચ દર્દીઓને ન્યુટ્રેશન પુરૂ પાડવા દત્તક લીધા

ગાંધીનગર જિલ્લાના જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણ દ્વારા ટીબીના પાંચ દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. આ દર્દીઓને જિલ્લા ક્ષય અધિકારી દ્વારા દર માસે ન્યુટ્રેશન કીટ આપવામાં આવશે જેની કીટ દીઠ કિંમત રૂ. ૨ હજાર જેટલી હોય છે. કોરોના મહામારીમાં ટીબીના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને પુરતુ ન્યુટ્રેશન મળી રહે તે ખૂબ જરૂરી હોય છે. આવા જરૂરિયાતમંદ વર્ગના ૨૦ દર્દીઓને મોટીભોયણ ખાતેની જે કે લક્ષ્મી સિમેન્ટ કંપની દ્વારા અને માણસા પાંજરાપોળ દ્વારા ૧૦ દર્દીઓને દર માસે ન્યુટ્રેશન કીટ નિયમિતપણે આપવામાં આવે છે. નિક્ષય યોજના અંતર્ગત સરકાર દ્વારા દર્દીઓની નિયમિત સારવાર ચાલુ રહે તે હેતુથી દર માસે દર્દીના ખાતામાં રૂ. ૫૦૦ની સહાય તેમજ સારવાર-દવા વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે.

જાહેર નિવિદા

તાલુકા પંચાયત કચેરી વિજયનગર જી સાબરકાંઠા અમલીકરણ હસ્તકની ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ મંજુર થયેલ નીચે મુજબના યોજનાકીય કામ હાથ ધરવાના થાય છે.

૧.	કોમ્પ્યુટર બેઝીક તાલીમ અને બેઝીક અંગ્રેજી તાલીમ	રૂ. ૪.૭૫ લાખ	વિજયનગર તાલુકાના આદિજાતિના લાભાર્થી

આથી રજીસ્ટ્રેડ સંસ્થાઓ/મંડળીઓ/જાહેર ટ્રસ્ટો પાસેથી કામોના ભાવો રજી.પો.એ.ડી. ટપાલથી બંધ કવરમાં ભાવો માંગવવામાં આવે છે. સદર ભરેલ ભાવો કામવાર સ્પેસીફિકેશન મુજબ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં તાલુકા વિકાસ અધિકારીશ્રી વિજયનગરને મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ આવેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહિ. કોઈપણ ભાવપત્રક રજી.પો.એ.ડી. સિવાય સ્વીકારવામાં આવશે નહી. કોઈપણ ભાવપત્રક મંજુર કરવું અથવા ના મંજુર કરવું તેના અધિકાર નીચે સહી કરનારના રહેશે. કવરના મથાળે વિકાસના કામોનું ભાવપત્રક તેવું લખવાનું રહેશે.

નોંધ : કામની વિગત તથા શરતો તાલુકા પંચાયત વિજયનગર નોટીસ બોર્ડ ઉપર મુકેલ છે.

સ્થળ : તાલુકા પંચાયત વિજયનગર — તાલુકા વિકાસ અધિકારી
નામાનિ/હિંમત/૮૮/૨૦૨૦ — વિજયનગર જિ. સાબરકાંઠા

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ લી.
(ગુજરાત સરકારનું સાહસ)

લોખંડ, પતરા, પ્લાસ્ટીક જેવી ભંગાર આઈટમોનો નિકાલ કરવા બાબત

નિગમના સેન્ટ્રલ સ્ટોર્સ, પ્લોટ નં. ૯૦૭/૧૬-૧૭/૨૦-૨૧, જી.આઈ.ડી.સી., ગોકુલ આઈસક્રીમની પાસે, રાધિકા મોટર પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે લોખંડ, પતરા, પ્લાસ્ટીક જેવી ભંગાર આઈટમોનો નિકાલ કરવાનો હોઈ ખરીદ કરવા ઈચ્છુક રસ ધરાવતી પાર્ટીઓએ સેન્ટ્રલ સ્ટોર્સના સરનામે તા. ૨૩/૬/૨૦૨૦ થી તા. ૩૦/૬/૨૦૨૦ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ આવીને સમય ૧૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ઉપર જણાવેલ આઈટમોનું નિરીક્ષણ કરી તેમના ભાવ બંધ કવરમાં નિગમની વડી કચેરી ખાતે તા. ૧/૭/૨૦૨૦ સુધીમાં નીચેના દર્શાવેલ સરનામે સાંજે ૫.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. વધુ વિગતો નિગમની www.gurjari.gujarat.gov.in વેબસાઈટ ઉપર મળી શકશે. ભાવ ભરનાર પાર્ટીઓ ડીપોઝીટ પેટે રૂ. ૩,૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી., ગાંધીનગરના નામનો જમા કરાવવાનો રહેશે. ભાવપત્રક ફોર્મ / શરતો નિગમની વડી કચેરી ઉત્પાદન શાખા / સેન્ટ્રલ સ્ટોર્સ, સેક્ટર-૨૮થી મળી રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર

રજીસ્ટર્ડ ઓફીસ : પ્રથમ માળ, હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ કંમ્પાઉન્ડ, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર

માહિતી/૩૦૭/૨૦-૨૧